માતા અને બાળ મૃત્યુ દર ઘટાડવા **<u>‘ચિરંજીવી’</u>**
યોજના અમલમાં મુકવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :-એફપીડબ્લ્યુ/૧૦૨૦૦૫/૬૧૪/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૯/૧૧/૦૫

વંચાણે લીધા :-કમિશનરશ્રી (આરોગ્ય)ની તા.૧૮/૪/૦૫ની દરખાસ્ત.

**<u>આ મુ ખ :-</u>**

દેશમાં માતા મૃત્યુ દરનાં કારણોમાં પ્રસુતિ સમયે ઉભી થતી સમસ્યા મુખ્યત્વે જવાબદાર હોય છે. રાજયમાં દર વર્ષે ૧૨ લાખ જેટલા બાળકોનો જન્મ થાય છે. જે પૈકી પાંચ હજાર માતાઓ પ્રસુતિ દરમ્યાન અવસાન પામે છે. જેમાં મોટે ભાગે છેવાડાના, દરિયા કાંઠાના અને આદિવાસી ગ્રામ્ય વિસ્તારની પ્રસુતા માતાઓનો સમાવેશ થાય છે. આવી જ રીતે બાળ મૃત્યુ દર પણ છેલ્લા છ-સાત વર્ષથી દર હજાર જીવીત જન્મે ૬૦ જેટલો રહયો છે, અને દર વર્ષે લગભગ ૭૨ હજાર બાળકો મૃત્યુ પામે છે. આ પૈકી ૬૦ ટકા જેટલા બાળકો જન્મના એક માસમાં જ મૃત્યુ પામે છે. આમ માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં છેલ્લા ઘણા વર્ષોથી કોઇ સુધારો નોંધાયેલ નથી. આ બાબતે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ વર્ષ ૨૦૦૫ને ‘દરેક માતા અને બાળક મુલ્યવાન’ તેવો વિચાર/અભિગમથી ઉજવવાનું નકકી કરેલ છે.

રાજયમાં માતા મૃત્યુનું પ્રમાણ ૩.૮૯ (દર હજાર જીવીત જન્મ દીઠ) છે. જે વિઝન-૨૦૧૦ મુજબ ઘટાડીને ૧ સુધી લઇ જવાનું તેમજ બાળ મૃત્યુ દર જે ૫૭ (દર હજાર જીવીત જન્મ દીઠ) છે. તે ૩૦ સુધી લઇ જવાનો રાજય સરકારનો અભિગમ છે. જે પરિપુર્ણ કરવા માટે રાજયમાં માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર ઘટાડવા માટે જરુરી પગલા લેવા માટેની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**<u>ઠ રા વ :-</u>**

માતા મૃત્યુ માટે પ્રસુતિ સબંધી સમસ્યાઓ એક અગત્યનું પરિબળ છે. આથી માતાની પ્રસુતિ સબંધી સમસ્યા નિવારી શકાય તે માટે **<u>‘ચિરંજીવી’</u>** યોજના નીચેની શરતોએ અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) પ્રથમ તબકકે આ યોજના જયાં માતા મૃત્યુ દર પ્રમાણમાં ઉંચો છે, તેવા જિલ્લાઓ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદની **ફકત ગરીબી રેખા હેઠળની પ્રસુતા માતાઓને** જ એક વર્ષ માટે લાગુ પાડવામાં આવશે.

(૨) પ્રસુતિ સબંધી સેવાઓ માટે ખાનગી ગાયનેકોલોજીસ્ટની સેવાઓ પણ લેવામાં આવશે. જેમાં કોમ્પ્લીકેટેડ પ્રસુતિમાં ખાનગી ગાયનેકોલોજીસ્ટ જો તેઓની ખાનગી સંસ્થામાં પ્રસુતિ સબંધી સેવાઓ આપે તો આવી સામાન્ય તેમજ કોમ્પ્લીકેટેડ પ્રસુતિના પ્રવર્તમાન પ્રમાણ અને આનુસાંગિક પરિક્ષણો વગેરે લક્ષમાં લઇ કુલ-૧૦૦ પ્રસુતિના રુા.૧,૭૯,૫૦૦/- (એક પ્રસુતિ દીઠ રુા.૧૭૯૫ લેખે) મળવાપાત્ર રહેશે.

ઉપરોકત રુા.૧૭૯૫/- માં રુા.૨૦૦/-પ્રસુતાના ટ્રાન્સ્પોર્ટેશન માટે તેમજ રુા.૫૦/- પ્રસુતા સાથે આવનાર દાયણ અથવા સહાયક માટે છે, જે ખાનગી દવાખાને અથવા સરકારી દવાખાને ખાનગી ગાયનેકોલોજીસ્ટ પાસે આવતી પ્રસુતા સાથે આવેલ દાયણ અથવા સહાયકને રુા.૫૦/- પ્રતિ કેસ તેમજ ટ્રાન્સપોર્ટેશનના રુા.૨૦૦/-પ્રતિ કેસ ખાનગી ગાયનેકોલોજીસ્ટે વાઉચર ઉપર સહી લઇને તુરત જ ચુકવી આપવાના રહેશે.જે રુા.૨૦૦/- ટ્રાન્સ્પોર્ટેશનના ભારત સરકારમાંથી જનની સુરક્ષા યોજના માંથી મેળવવાના રહેશે. જે અંગેની કાર્યવાહી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ કરવાની રહેશે.

(૩) જો આવી સેવા ખાનગી ગાયનેકોલોજીસ્ટ ધ્વારા સરકારી દવાખાનામાં આવીને આપવામાં આવે તો આવી સામાન્ય તેમજ કોમ્પ્લીકેટેડ મળી કુલ -૧૦૦ પ્રસુતિના રુા.૬૫,૯૦૦/- (એક પ્રસુતિ દીઠ રુા.૬૫૯/- લેખે) મળવાપાત્ર રહેશે.

(૪) આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળની પ્રસુતાઓની સામાન્ય સુવાવડ તેમજ કોમ્પ્લીકેટેડ સુવાવડ ઉપર મુજબ નકકી કરેલ એક જ દરથી કરવાની રહેશે, અને પ્રસુતિ સબંધીત જરુરી દવાઓ સહીત તમામ સારસંભાળ પુરી પાડવાની રહેશે.

(૫) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ આ યોજનામાં સામેલ થવા માંગતા ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત સાથે ૧૦૦ પ્રસુતિ માટે કરાર કરવાનો રહેશે.

(૬) ઉપર જણાવેલ પાંચ જિલ્લાઓમાં વર્ષવાર થતી પ્રસુતિની સંખ્યા તથા ગરીબી રેખા હેઠળની પ્રસુતા માતાઓની સંખ્યા ધ્યાને લઇ પ્રથમ વર્ષ માટે ૫૮,૬૩૭ પ્રસુતાઓ માટે પ્રસુતિ દીઠ રુા.૧૫૯૫/- લેખે થનાર કુલ રુા.૯.૩૫ કરોડના ખર્ચ પૈકી આ બાબત અંગે વર્ષ ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં કોઇ જોગવાઇ થયેલ ન હોઇ, આ બાબતે ફેબ્રુઆરી-૨૦૦૬ સુધી થનાર ખર્ચ રાજયની આકસ્મીક નીધીમાંથી નિયમોનુસાર ઉપાડ કરી કરવાનો રહેશે.

(૭) આ યોજનામાં સરકારી ઉપલબ્ધ સેવાઓનો મહત્તમ લાભ લેવામાં આવે અને ખાનગી ગાયનેકોલોજીસ્ટની સેવાઓ પણ મહત્તમ રીતે ઉપલબ્ધ સરકારી આરોગ્ય સેવાઓ/

સંસ્થાઓ મારફત આપવામાં આવે અને પરિણામે સરકાર પર આર્થિક બોજ ઓછો પડે તે માટેના પ્રયત્નો કરવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૮/૧૦/૦૫ની નોંધથી મળેલ સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આનંદ ઝીંઝાલા)**
સંયુકત સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ
વિભાગ,

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી,
- સચિવશ્રી અને કમિશ્નરશ્રી, પરિવાર કલ્યાણ,
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો.
- કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગાંધીનગર.
- વિભાગના તમામ સંયુકત સચિવશ્રીઓ/ નાયબ સચિવશ્રીઓ,
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ,
- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- માહિતી નિયામકશ્રી, જુના સચિવલાય, ગાંધીનગર, બહોળી પ્રસિધ્ધી આપવા સારુ.
- અધિક નિયામકશ્રી, (પરિવાર કલ્યાણ ) કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરી, ગાધીનગર.
- તમામ અધિક નિયામકશ્રી, કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરી, ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ,
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ,
- સર્વે અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ,
- સંકલન શાખા- વેબસાઈટ પર પ્રસિધ્ધિ માટે
- કમિશ્નરશ્રી (આરોગ્ય)- વેબસાઈટ પર પ્રસિધ્ધિ માટે
- સિલેકટ ફાઈલ.